રજુ તારીખ :
દાખલ તારીખ :
ફેંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

**મહેરબાન અમદાવાદ (રુરલ)ના ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં**

**<u>ફોજદારી કેસ નં. ૯૧૫૫/૨૦૧૭</u>**

આંક – ૫

ફરીયાદી : સ ર કા ર શ્રી.

વિ રૂ ધ્ધ.

**આરોપી : સંજયભાઈ ભીખાભાઈ નાડીયા**

---

ફરીયાદી તર્ફે વ.શ્રી એ.પી.પી. અને આરોપી તરફે વિ.વ.શ્રી

---

**ગુનો : એમ વી એક્ટ ૧૮૫** મુજબ.

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–

આરોપીએ ચાર્જશીટમાં બતાવેલ સમયે અને સ્થળે પોતાના હવાલા વાળુ વાહન દારુ પી ને માણસની જીંદગી જોખમાય તે રીતે ચાલવી એમ વી એક્ટ ૧૮૫ મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની આંક–......... થી પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આંક–______થી આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી જણાવેલ છે કે, તેઓને સ્વેચ્છાએ ગુનો કબુલ કરીએ છીએ, યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે.

૫. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આ ખ રી હુ ક મ : –**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે એમ વી એક્ટ ૧૮૫ મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી, રૂા.૩૦૦/– અંકે રૂપિયા ત્રણસો પુરાનો દંડ જો આરોપી દંડ ન ભરે તો દિન–બે ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો આજ રોજ તા.<u>**10 મી ફેબ્રુઆરી સને 2018**</u> **ના રોજ વાંચી જાહેર કર્યો.**

**તા.10.02.2018**

**ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર**